ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**નિલેષ કે ચૌહાણ**
મો. ૯૭૨૪૧ ૧૯૩૧૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

ગતિશીલ ગુજરાતની વધુ એક ગૌરવ સિદ્ધિ

# ગુજરાત મોસ્ટ ફિલ્મ-ફ્રેન્ડલી સ્ટેટ

## ૬૩મા નેશનલ ફિલ્મ એવોર્ડમાં ગુજરાત રાજ્યને નામે જાહેર થયો એવોર્ડ : મુખ્યમંત્રીએ ગુજરાતની સિધ્ધિમાં વધુ એક મોરપીંછ માટે સાડા ૬ કરોડ ગુજરાતીઓને અભિનંદન પાઠવ્યા

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ગતિશીલ ગુજરાતે મોસ્ટ ફિલ્મ-ફ્રેન્ડલી સ્ટેટની ગૌરવ સિધ્ધિ પ્રાપ્ત કરી છે.

ભારત સરકારના માહિતી પ્રસારણ મંત્રાલયે દેશના કોઇ રાજ્યને ફિલ્મ પ્રવાસનને રાજ્યમાં પ્રોત્સાહિત કરવા માટે આ એવોર્ડ પ્રથમવાર જાહેર કર્યો છે. આ એવોર્ડ મેળવવાનું સૌપ્રથમ ગૌરવ ગુજરાતને મળ્યું છે.

ફિલ્મ ફેસ્ટિવલ નિદેશાલયના નિયામક દ્વારા નવી દિલ્હી ખાતે ગુજરાતને આ ગૌરવ એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી.

દેશનાં વિવિધ ૧૬ રાજ્યોએ આ નેશનલ ફિલ્મ એવોર્ડ્ઝમાં પોતાની એન્ટ્રી મોકલી હતી. ભારત સરકારે દેશનાં રાજ્યોમાં ફિલ્મ પ્રવાસનને પ્રેરિત કરવા આ એવોર્ડ્ઝની નવતર પ્રકારની પરંપરા શરૂ કરી છે. ગુજરાતની મોસ્ટ ફિલ્મ ફ્રેન્ડલી સ્ટેટ તરીકેની આ ગૌરવ પસંદગી રાજ્યમાં ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ અને ફિલ્મ ઊદ્યોગને પ્રોત્સાહિત કરી ભારતીય ચલચિત્ર જગતમાં નવી પહેલ માટે કરવામાં આવી છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે ગુજરાત સરકારે તાજેતરમાં નવી ફિલ્મ પોલિસી જાહેર કરીને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મોના નિર્માણને પ્રોત્સાહન આપ્યું છે. એટલું જ નહીં, પ્રવાસન વિભાગને પણ અગાઉ બેસ્ટ ટુરિઝમ પ્રમોશનલ ફિલ્મના એવોર્ડની તાજેતરમાં નવાઝેશ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગતિશીલ ગુજરાતની ગૌરવ સિધ્ધિમાં વધુ એક મોરપીંછ મેળવવા માટે સાડા ૬ કરોડ ગુજરાતીઓને અભિનંદન પાઠવ્યા છે.

## ૬૩મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ



૬૩માં રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડની જાહેરાત સોમવારે કરવામાં આવી. અમિતાભ બચ્ચનને પીકુ ફિલ્મ માટે શ્રેષ્ઠ અભિનેતા અને કંગના રણૌતને તનુ વેડ્સ મનુ રીટર્નસ માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. દિગ્દર્શક સંજય લીલા ભણસાલીને શ્રેષ્ઠ દિગ્દર્શક તરીકેનો એવોર્ડ બાજીરાવ મસ્તાની માટે એનાયત કરાયો. જ્યારે બાહુબલીને શ્રેષ્ઠ ફિલ્મ અને દમ લગા કે હઈસાને શ્રેષ્ઠ હિન્દી ફિલ્મ તરીકે નવાજવામાં આવી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
રૉકી હૅન્ડસમ
૧૨.૧૫, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી હિન્દી)
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
૩ ડોબા (ગુજરાતી)
૪.૦૦
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૪૫, ૧૦.૦૦
જય ગંગાજલ
૭.૦૦

**સ્ક્રીન-૫**
રૉકી હૅન્ડસમ
૧૦.૦૦, ૧.૧૫, ૯.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૩.૪૫, ૬.૪૫

રાષ્ટ્રપતિએ પદ્મ એવોર્ડ એનાયત કર્યા

# ત્રણ ગુજરાતીઓ પદ્મ એવોર્ડથી નવાજાયા





ગાંધીનગર, તા. ૨૯

રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીએ સોમવારે રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી ખાતે આયોજીત નાગરિક પ્રતિષ્ઠાપન સમારોહમાં પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મશ્રી સમ્માન પ્રદાન કર્યા હતા. આ સમારોહમાં ગુજરાતના લોક કલાકાર ભિખુદાન ગઢવી, સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે ડાહ્યાભાઈ શાસ્ત્રી તથા મેડીકલ ક્ષેત્રે ડો. સુધીર શાહને પદ્મશ્રી એવોર્ડ એનાયત કરાયા હતા. આ ઉપરાંત મૂળ ગુજરાતી એવા ઉદ્યોગકાર સ્વ. ધીરૂભાઈ અંબાણીને મરણોપરાંત પદ્મ વિભૂષણ અવોર્ડ પણ એનાયત કરાયો હતો, જે તેમનાં પત્ની કોકિલાબેને સ્વીકાર્યો હતો.

ઉલ્લેખનીય છે કે આ વર્ષે કુલ ૧૧૨ લોકોને પદ્મ એવોર્ડ માટે પસંદ કરાયા હતા. જેમાં ૧૦ પદ્મ વિભૂષણ, ૧૯ પદ્મ ભૂષણ અને ૮૩ પદ્મશ્રી અવોર્ડનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, કેન્દ્રીય ગૃહમંત્રી, શહેરી વિકાસ, આવાસ તથા શહેરી ગરીબી ઉન્મૂલન મંત્રી અને માનવ સંસાધન વિકાસ મંત્રી તથા અન્ય ગણમાન્ય વ્યકિત ઉપસ્થિત રહ્યા હતા.

## વિશ્વ રંગભૂમિ દિને ‘હળવા કર્મનો હું નરસૈયો’ ભજવાયું

ગાંધીનગર, તા. ૨૯

વિશ્વ રંગભૂમિ દિન નિમિત્તે વાકાણી થિએટર્સ નાટ્ય એકેડેમી અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે સિનિયર સિટિઝન માટે આંબેડકર કોલોની ખાતે ‘હળવા કર્મનો હું નરસૈયો’ નાટકનું મંચન કરવામાં આવ્યું હતું.

નરસિંહ મહેતાની ૬૦૦મી જન્મ જયંતિ નિમિત્તે કવિ ઉમાશંકર જોશી દ્વારા લિખિત નાટક રજૂ થયું. આ અંગે નાટકના દિગ્દર્શક અને જાણીતા કલાકાર ભીમ વાકાણીએ જણાવ્યું હતું કે, ‘નરસિંહ મહેતા વંચિતો પાસે જઈને સમાજના છેવાડાના માનવી પાસે પોતાના ભક્તિહીતો રજૂ કરતા, એ જ રીતે અમે એક અર્થપૂર્ણ પ્રવૃત્તિ કરવા માટે એસી સભાગૃહો છોડીને આંબેડકર કોલોની ખાતે આ નાટક ભજવવાનું નક્કી કર્યું ને એ ભજવ્યું.’

## ઉર્દૂ સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ પુસ્તકોનાં પારિતોષિક

### વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૪ દરમિયાન પ્રગટ થયેલા અને અકાદમીને મળેલાં પુસ્તકોમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન આપી લેખકોને પારિતોષિક

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત ઉર્દુ સાહિત્ય અકાદમી દ્વારા પ્રતિ કેલેન્ડર વર્ષ દરમિયાન પ્રગટ થતાં સંબંધિત ભાષા સાહિત્યના વિવિધ વિભાગ-સ્વરૂપના પુસ્તકોને ગુણવત્તાના ધોરણે પ્રથમ, દ્વિતીય અને તૃતીય પારિતોષિક અર્પણ કરવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૪ દરમિયાન પ્રગટ થયેલા અને અકાદમીને મળેલાં પુસ્તકોમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય પુસ્તકો માટે તેમના લેખકોને પારિતોષિકો જાહેર કરવામાં આવ્યા છે. આ પારિતોષિકો આજે ભાઈકાકા હૉલ, લૉગાર્ડન, અમદાવાદ ખાતે આયોજિત એક સમારોહ અંતર્ગત અર્પણ કરવામાં આવ્યા હતા.

**ઉર્દૂ શ્રેષ્ઠ પુસ્તકો**

| | | |
|---|---|---|
| **કાવ્ય-૨૦૧૨** | | |
| પ્રથમ ઈનામ | રૂ. ૧૧,૦૦૦/- | મિટ્ટીમેં આસમાન - શકીલ આઝમી |
| દ્વિતીય ઈનામ | રૂ.૭,૦૦૦/- | બાઝ ગશ્ત સુલેમાન - દાઉદજી ખત્રી |
| તૃતીય ઈનામ | રૂ.૫,૦૦૦/- | મેરા અપના આસમાન - હર્ષ બ્રહ્મભટ્ટ |
| **કાવ્ય-૨૦૧૩** | | |
| પ્રથમ ઈનામ | રૂ. ૧૧,૦૦૦/- | બિખરતી સાઅતોં કા સિલસીલા - હનીફ સાહીલ |
| દ્વિતીય ઈનામ | રૂ.૭,૦૦૦/- | ઠહેરે હુએ લમહે - પરવેઝ વારિસ |
| તૃતીય ઈનામ | રૂ.૫,૦૦૦/- | ખુલ્કે સુજસ્સીમ - મૌલાના મોહંમદ દાઉદ |
| **કાવ્ય-૨૦૧૪** | | |
| પ્રથમ ઈનામ | રૂ. ૧૧,૦૦૦/- | તઝકીરએ સુખનવરાને બડોદો - ઝહીર સબા કાદરી |
| દ્વિતીય ઈનામ | રૂ.૭,૦૦૦/- | જુગનુ - અબ્બાસ દાના વડોદરા |
| તૃતીય ઈનામ | રૂ.૫,૦૦૦/- | પૈમાને કલમ - મુખ્તાર જોનપુરી |

# ઉર્દૂ સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્ય ક્ષેત્રના ગૌરવ પુરસ્કાર અર્પણ કરાયા

### સર્જકનું ૧ લાખના ચેક, સન્માનપત્ર તથા શાલ આપીને સન્માન

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત ઉર્દૂ સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા દર વર્ષે સાહિત્યમાં શ્રેષ્ઠ પ્રદાન કરનાર કોઈ એક મૂર્ધન્ય સાહિત્યકારોનું સન્માન ‘ગૌરવ પુરસ્કાર’ આપીને કરવામાં આવે છે. જેમાં સર્જકને રૂ.૧ લાખનો ચેક, સન્માનપત્ર તથા શાલ આપીને સન્માનિત કરાય છે.

તદઅનુસાર, વર્ષ ૨૦૧૦થી ૨૦૧૪ સુધીના ગૌરવ પુરસ્કાર જાહેર કરવામાં આવ્યા છે. આ પારિતોષિકો આજે સાંજે ભાઈકાકા હૉલ, લૉગાર્ડન, અમદાવાદ ખાતે આયોજિત એક સમારોહ અંતર્ગત અર્પણ કરવામાં આવ્યા હતા.

| ક્રમ | લેખકનું નામ | વર્ષ |
|---|---|---|
| ૧ | શ્રી વસીમ મલિક, સુરત | ૨૦૧૦ |
| ૨ | શ્રી અબ્બાસી મહેબૂબહુસેન, અમદાવાદ | ૨૦૧૧ |
| ૩ | શ્રી શકીલ આઝમી, સુરત | ૨૦૧૨ |
| ૪ | શ્રી નિસાર અહેમદ અન્સારી, અમદાવાદ | ૨૦૧૩ |
| ૫ | શ્રી મુસાફીર પાલનપુરી, પાલનપુર | ૨૦૧૪ |

## મુદ્રા ઈન્સ્ટીટ્યુટ ઑફ કમ્યુનિકેશનનો ૨૧મો પદવીદાન સમારોહ બીજી એપ્રિલે યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

મુદ્રા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્યુનિકેશન, અમદાવાદ (માઈકા)નો ૨૧મો પદવીદાન સમારોહ આગામી બીજી એપ્રિલે યોજાઈ રહ્યો છે.

આ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ટાઈટન કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર ભાસ્કર ભટ ઉપસ્થિત રહેશે.

માઈકાના પદવીદાન ઉપરાંત દર વર્ષે માઈકા દ્વારા એન્યુએલ એવોર્ડ્ઝ પણ એનાયત કરવામાં આવે છે, જે ૧ એપ્રિલના રોજ એનાયત કરવામાં આવશે.

આ પ્રસંગે આયોજિત સમારોહમાં લિયો બર્નેટ ગૃપના સીઈઓ , માઈકાની ૯૫-૯૭ બેચના એલ્યુમિની સૌરભ વર્મા મુખ્ય વક્તા તરીકે હાજર રહેશે. સમારોહ અંતર્ગત પીજીડીએમ, ક્રાફ્ટિંગ ક્રિએટિવ કોમ્યુનિકેશનની બૅચના વિદ્યાર્થીઓને બેસ્ટ રૂરલ રિસર્ચ પ્રોજેક્ટ્સ, બેસ્ટ ડેઝર્ટેશન, બેસ્ટ કેમ્પેઈન ઓફ ધ યર જેવા વિવિધ એવોર્ડ આપવામાં આવશે.

## જગદ્ગુરુ શંકરાચાર્ય ૪થી ૬ એપ્રિલ દરમ્યાન અમદાવાદમાં : દર્શન-સત્સંગના કાર્યક્રમો

### ૪,૫ના રોજ સાંજે બોપલ ખાતે સંગોષ્ઠિ અને ધર્મસભા

ગાંધીનગર, તા. ૨૯

જગન્નાથ પુરીના જગદ્ગુરુ શંકરાચાર્ય, નિશ્ચલાનંદ સરસ્વતીજી અમદાવાદની મુલાકાતે આવી રહ્યાં છે. તેઓ આગામી માસ એટલે કે એપ્રિલ મહિનાની તારીખ ૪થી ૬ દરમ્યાન અમદાવાદમાં રોકાશે અને આ દરમ્યાન ભક્તોને દર્શન તથા સત્સંગનો લાભ આપશે. જગદ્ગુરુની નિશ્રામાં અમદાવાદ ખાતે સંગોષ્ઠિ, ધર્મસભા યોજવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં શ્રી જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વાગત સમિતિનાં દિપેનભાઈ દવેએ જણાવ્યું છે કે જગન્નાથ પુરીના શંકરાચાર્ય, નિશ્ચલાનંદ સરસ્વતીજી તા.૪થી ૬ એપ્રિલ દરમિયાન અમદાવાદના બોપલ ખાતે સ્થિરતા કરશે. ચોથીએ સાંજે ૫.૩૦થી નંદન રેસિડન્સી, નંદેશ્વર મહાદેવ મંદિર પાસે, બોપલ ખાતે સંગોષ્ઠિ, પાંચમીએ શિવાનંદ આશ્રમ ખાતે ધર્મસભા તેમની નિશ્રામાં સાંજે ૫.૦૦થી ૭.૦૦ દરમિયાન યોજાશે. જગદ્ગુરુની સાથે દંડી સ્વામી સદાનંદ સરસ્વતીજી, સ્વામી વિદિતા-ત્માનંદજી, સ્વામી અધ્યાત્માનંજી મહારાજ પણ ઉપસ્થિત રહેશે. તારીખ ૬ એપ્રિલે સવારે ૧૧.૦૦ વાગ્યે જગદ્ગુરુ ભાગવત વિદ્યાપીઠ, સોલા ખાતે ઋષિકુમારો સાથે મુલાકાત કરશે.

# તમે શું ઈચ્છો છો ? લોકો તમને કેવી રીતે ઓળખે?

**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**

અમેરિકાના વિખ્યાત બેઝબોલ ખેલાડી મિકકી મેન્ટલ જેને લોકો ‘‘મિક’’ના લડાલા અને હુલામણા નામથી બોલાવતા. મિકી અમેરિકાના અનેક બાળકો અને યુવાનો માટે એક આદર્શ હતા. લાખો બાળકો મિકી જેવા હોનહાર ખેલાડી બનવા માટે સ્વપ્નો જોતાં

માઈકિ ને નશો કરવાની આદત પડી ગયેલી. ખૂબ જ લાંબા સમય સુધી નશીલા પદાર્થોનું સેવન કરવાને કારણે તેને લીવરનું કેન્સર થયેલું. મિકી પોતાની બીમારી માટે વિશ્વ વિખ્યાત બેટ્ટી ફોર્ડ ક્લિનિકમાં દાખલ થયેલા. સારવાર દરમ્યાન મિકીએ નશીલા પદાર્થોનું સેવન છોડી દીધેલું અને આવા પદાર્થોને હંમેશ માટે તિલાંજલિ આપી દીધેલી.

બિટ્ટી ફોર્ડ ક્લિનિકમાં સારવાર પૂરી થયા પછી મિકીએ એક ટીવી ઈન્ટરવ્યુ આપ્યો. ઈન્ટરવ્યુ લેનારે મિકી ને એક સુંદર પ્રશ્ન કર્યો. ‘‘વિશ્વમાં તમારા લાખો ચાહકો છે. તમને તેઓ આદર્શ માને છે . એક રોલ મોડેલ માને છે. તમારા ચાહકો અને વિશ્વના લોકો તમને કેવી રીતે યાદ રાખે અને તમને લોકો કેવી રીતે ઓળખે એવું તમે ઈચ્છો છો ?’’

ખૂબ જ વિનમ્રતાથી મિકી એ જવાબ આપ્યો. ‘‘તમારા સૌનો આદર્શ, તમારા સૌનો રોલ મોડેલ તમારી સામે બેઠો છે. મારી તમને વિનંતી છે કે તમે મારા જેવા ના બનશો. હું જે વ્યસનનો ગુલામ બની ગયો હતો એવું તમે ના કરશો. મને લાગે છે કે મારા જીવનના અંતે હું મારી પોતાની જાત માટે કશુંક કરી શક્યો છુ. હું મારા વ્યસન ઉપર કાબૂ મેળવી શક્યો. હું ઈચ્છું છુ કે લોકો મને મારા જીવનના આ કાર્ય માટે જ યાદ રાખે અને ઓળખે.

અમેરિકા જેવા દેશના ખૂબ જ સન્માનનીય વ્યક્તિ, લાખો લોકોની ચાહના મેળવનાર એક મહાન રમતવીર એવું કહે કે ‘‘અંતે મે મારી જાત માટે કશુંક કર્યુ.’’ આ વાત લોકો માની શકતા ના હતા. છતાં મિકી માટે તો એ જ સૌથી વધારે મહત્ત્વનું હતું. નશામાંથી મુક્તિ, નશીલા પદાર્થોના સેવન ઉપર પોતે મેળવેલો વિજય અને પોતાની જાત ઉપર મેળવેલી જીત સામે આખી જીંદગીની પોતાની રમતવીર તરીકેની ઉજ્જવળ કારકિર્દી મિકીને વામણી લાગતી હતી. મિકી માટે પોતાની જાત ઉપરની, પોતાના મન ઉપરની પોતાની જીત શ્રેષ્ઠ જીત હતી. ભગવાન ઈસુએ કહ્યું છે કે માણસ આખું જગત જીતી જાય પણ પોતાનો આત્મા ગુમાવી બેસે તો માણસે જીવનમાં શું મેળવ્યું ?


વ્યક્તિ જીવનમાં ઘણું બધું હાંસલ કરવાનાં સ્વપ્નો જુએ છે. પૈસો, ગાડી, બંગલા, સુખ-સહયાબી, મિત્રો, ચાહકો, વાહ-વાહ, પ્રશંશા, પ્રખ્યાતિ અને સફળતા. મિકી પાસે બધુ જ હતું. એક માણસ કંઈપણ હાંસલ કરવાનું સ્વપ્ન જુએ, ને મિકી પાસે એ હતું જ. છતાં જીવનના અંતિમ તબક્કે પોતાની સારવાર દરમ્યાન મિકીએ પોતાની જાત સાથે સંવાદ કર્યો, પોતાના મનની નબળાઈઓને જાણી-પિછાણી, પોતાની નબળાઈઓ ઉપર વિજય મેળવવા પ્રયત્ન કર્યો. અંતે સફળ થયા. ગુમાવી બેઠેલા પોતાના આત્માને મિકીએ ખોળ્યો, શોધી કાઢ્યો અને જીવનપર્યંત એનું જતન કર્યું. પોતાના લાખો ચાહકોને મિકીએ એવો જ સંદેશ આપ્યો કે બહારના જગતમાં તમે ગમે એટલું હાંસલ કરો પણ આંતરિક જગત જો ખાલીખમ અને ખોખલું હશે તો એ જીવનનો કોઈ જ અર્થ નથી. આંતરિક જગતમાં પણ કઈક મેળવવું, કઈક હાંસલ કરવું એમાં જ જીવનની સાર્થકતા છે.

બહારના વિશ્વની દોડ સાથે દોડવામાં અને તાલ મિલાવવાની ભાગદોડમાં વ્યક્તિ પોતાના આંતરિક જગત સાથે તાલ મિલાવવાનું ચૂકી જતી હોય છે. બાહ્ય જગત સાથે પોતાનો લય મેળવી શકે છે પણ આંતરિક જગત સાથે પોતાનો લય નથી મેળવી શકતી. બાહ્ય જગતની સફળતાઓ હાંસલ કરવા માટે વ્યક્તિ સતત દોડતી-ભાગતી રહે છે પણ આંતરિક જગતને જાણવા માટે કદાચ બે ડગલાં પણ ચાલવાની તૈયારી નથી હોતી.

માણસના જીવનનાં આ બે પાસાઓ અને બે આયામો વચ્ચે માણસ હંમેશા અવઢવમાં રહે છે. બે જગત વચ્ચેની સમતુલા જાળવવા માણસ લાખ પ્રયત્નો કરે છે પણ અંતે તો બાહ્ય જગતની સફળતાઓ માટેના પ્રયત્નોનો જ વિજય થાય છે. મિકી જેવા કેટલાક જ વીરલાઓ હોય છે જે જીવનના છેવાડે પહોચ્યા પછી પણ આંતરિક જગત ઉપર વિજય પ્રાપ્ત કરી શકે છે અને સ્વીકારી શકે છે.

કોઈપણ વ્યક્તિ માટે બંને આયામો સરખા છે. બંને વચ્ચે સમતુલા જાળવવી પણ એટલું જ અગત્યનું છે. જે વ્યક્તિ આ વાત સમજી શકે છે એ જગત જીતી જાય છે અને લોકો પણ તેને એ જ રીતે યાદ યાદ રાખે છે અને ઓળખે છે કે ‘‘વ્યક્તિએ બાહ્ય જગત માં ભલે બધુ જ હાંસલ કર્યું પણ તે વ્યક્તિ પોતાના આંતરિક જગતની પણ સાથે રહી અને એ જગત ઉપર પણ વિજય મેળવ્યો.’’

vamlani2000@yahoo.co.uk



ગુજરાત યુનિવર્સિટી દ્વારા

## ઍક્સટર્નલ પરીક્ષાનાં ફૉર્મ ભરવા માટેની મુદત લંબાવાઈ



ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઍક્સટર્નલ પરીક્ષાનાં ફૉર્મ ભરવા માટેની મુદત લંબાવાઈ છે.

આમ તો આ મુદત પૂરી થઈ ચૂકી હતી, પરંતુ ગત સપ્તાહે સળંગ રજાઓ આવવાના કારણે હજારો વિદ્યાર્થીઓ ફોર્મ ભરવાથી વંચિત રહી ગયા હતા. આ કારણે વિદ્યાર્થીઓ દ્વારા મુદત વધારવા માટે યુનિવર્સિટી સમક્ષ માગણી વ્યક્ત કરવામાં આવી હતી, કેટલાક વિદ્યાર્થીઓએ પરીક્ષા નિયામક સમક્ષ પણ રજૂઆત કરી હતી. તેના અનુસંધાને લેઈટ ફી સાથે ૩૧મી માર્ચ સુધી એક્સટર્નલ પરીક્ષા માટેનાં ફોર્મ ભરી શકાય તેવી છૂટ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવી છે. આર્ટસ, કોમર્સ, સહિતની તમામ એક્સટર્નલ પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓ હવે ૩૧મી માર્ચ સુધી લેઈટ ફી આપીને ફોર્મ ભરી શકશે. આ મુદ્દે કુલપતિ એમ.એન.પટેલનું કહેવું કહે છે છેલ્લા કેટલાય દિવસોથી વિદ્યાર્થીઓ દ્વારા ફોર્મ ભરવાની મુદત વધારવાની માગણી વ્યક્ત થઈ રહી હતી, જેનો યોગ્ય પ્રતિસાદ આપવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ વિદ્યાર્થીઓ એક્સટર્નલ પરીક્ષઆ માટેનાં ફોર્મ ભરીને ફી પોસ્ટ ઓફિસમાં ભરતા હતા. પરંતુ હવે લેઈટ ફી સાથે જે વિદ્યાર્થીઓ ફોર્મ ભરવા ઈચ્છતા હોય તેમણે યુનિવર્સિટીમાં જાતે આવીને ફી ભરવાની રહેશે. હવે પછી બાકી રહેલા વિદ્યાર્થીઓ માટે કોઈ મુદત વધારવામાં આવશે નહીં, એવો નિર્દેશ પણ વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવ્યો છે.